# અરવલ્લી જિલ્લા સહિત ઉત્તર ગુજરાતમાં વાતાવરણમાં નાટ્યાત્મક પલટો

## કમોસમી વરસાદી ફોરાં : ખેડૂતો બેહાલ ઉત્તર ગુજરાતમાં ડબલ ઋતુથી દિવસે ગરમી અને રાત્રીના સુમારે ઠંડીનો અહેસાસ

ગ્લોબલ વાર્મિંગના કારણે દેશમાં સતત ઋતુઓમાં ભારે ઉલટફેર જોવા મળી રહ્યો છે. ઉત્તર ગુજરાત સહીત અરવલ્લી જીલ્લાના વાતવરણમાં એકાએક પલટો આવતા આકાશે વાદળો છવાયા બાદ કમોસમી વરસાદી છાંટા પડતા અને માવઠાની દહેશત પેદા થતા ખેડૂતોના માથે ચિંતાની લકીરો તણાઈ હતી અરવલ્લી જીલ્લાના ખેતરોમાં હાલ ઘઉં લણવાની અને કાઢવાની સીઝન પુરજોશમાં ચાલી રહી છે ત્યારે આકાશે વાદળોની ઘેરાબંધી ખેડૂતોને દેવાના તળે ડુબાડશેની દહેશત પેદા થઈ હતી. ઉત્તર ગુજરાત સહીત અરવલ્લી






જીલ્લામાં ડબલ ઋતુ થી દિવસે ગરમી અને રાત્રીના સુમારે ઠંડીનો અહેસાસ પ્રજાજનો અનુભવી રહ્યા છે. બુધવારે વહેલી સવારે વાતાવરણમાં એકાએક ભારે પલટો જોવા મળ્યો હતો દિવસભર સતત વાદળછાયા વાતાવરણના પગલે માવઠાના એંધાણ વર્તતા ખેડૂતોના જીવ પડીકે બંધાયા હતા ઘઉં, વરિયાળી, જીરું, મકાઈ અને ચણા સહિતના પાકોમાં રોગ આવવાની શક્યતાના પગલે ખેડૂતોનો પાક નાશ થવાની ચિંતા જણાઈ હતી મોડાસા પંથકમાં વરસાદી ફોરાં પડતા લણીને રાખેલા ઘઉંનો પાક બચાવવા ખેડૂતોએ દોડાદોડી કરી મૂકી હતી.

# આઝાદીના ૭૨ વર્ષ પછી બાયડના સાઠંબા કંપામાં અંધેરૂ ઉલેચતાં ૨૦ ઠાકોર પરિવારો

બાયડ, તા. ૧૩

ગતિશીલ ગુજરાત વિકાસશીલ ગુજરાતની મસમોટી વાતો રાજ્ય સરકાર ગઈ વગાડી



કરી રહી છે. અરવલ્લી જીલ્લામાં આઝાદી ૭૨ વર્ષ પછી પણ અનેક પાયાગત સુવિધાઓથી વંચિત છે. બાયડ તાલુકાના સાઠંબાકંપામાં રહેતા ૨૦થી વધુ ઠાકોર પરિવારો આઝાદીના ૭ દાયકો પછી પણ વીજળીના અભાવે અંધારમાં જીવનનિર્વાહ ચાલવી રહ્યા છે. નવાઈની વાત તો એ છે કે ૧૦૦ મીટર દૂર આવેલા પટેલ સમાજના ઘરોમાં લાઈટની સુવિધા ઉપલબદ્ધ છે. પાંચ વર્ષ અગાઉ વીજતંત્ર દ્વારા વીજપોલ નાખી દીધા પછી વીજકનેક્શન આપવમાં નપાણુ સાબિત થઈ રહ્યું છે.

સાઠંબાકંપામાં રહેતા ૨૦થી વધુ ઠાકોર પરિવારોના બાળકો લાઈટના અભાવે અભ્યાસમાં ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. અભ્યાસ કરતા બાળકોએ સૂર્યના અજવાળે અને દીવાના સહારે અભ્યાસ કરવા મજબુર બન્યા છે. સૂર્યોદય થાય એટલે લોકોની જિંદગી પાટા પર ચાલતી થાય છે, અને સૂર્યાસ્ત થતાંની સાથે જ રોજગાર ધંધા બંધ થતા હોય છે પરંતુ અહીંના લોકોની જિંદગી કાયમ માટે સૂર્યાસ્ત થઈ હોય તેવું લાગી રહ્યું છે. વીજળી સાથે સાથે પીવાના પાણી માટે પણ દર દર ભટકવું પડી રહ્યું છે.

સાઠંબાકંપા નજીક રહેતા વીસ જેટલા મકાનો ધરાવતા ક્ષત્રિય સમાજના લોકો અહીં કેટલાય વર્ષોથી વસવાસટ કરે છે, પણ તેમની સાથે આરમાયું વર્તન કેમ કરવામાં આવે છે તે યક્ષ પ્રશ્ન આજે પણ યથાવત છે. વીજતંત્ર રાજકીય નેતાઓ સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતાં રાજકીય નેતાઓ કે પછી તંત્રના પેટનું પાણીએ નથી હાલતું. વીજતંત્રમાં વારંવાર રજુઆત કરતા ૫ વર્ષ આગાઉ વીજપોલ ઉભા કરી દીધા પછી વીજ કનેકશન અગમ્ય કારણોસર આપવામાં ન આવતા લોકો અંધેરુ ઉલેચી રહ્યા છે.

ઠાકોર સમાજના લોકોએ ઉગ્રરોષ સાથે જણાવ્યું હતું કે સાઠંબાકંપાની એક બાજુ પટેલ સમાજ વસવાટ કરી રહ્યો છે ત્યાં લાઈટની સુવિધા ઘરે-ઘરે પહોંચી છે પરંતુ પટેલ સમાજના વસવાટથી ફક્ત ૧૦૦ મીટર દૂર રહેતા ૨૦થી વધુ ઠાકોર સમાજના પરિવારો વીજળીના અભાવે દીવાના સહારે



રહેવા મજબુર બન્યા છે. ખેતી માટે મળતા વીજપ્રવાહથી થોડો સમય લાઈટના અજવાળાના ટમટમિયાં જોવા મળે છે નહીતો અંધારપટમાં જીવનનિર્વાહ ચલાવવો પડે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉજ્જવલા યોજના થકી મહિલાઓને ધુમાડાથી મુક્તિ અપાવવાની વાત કરી રહ્યા છે, બીજીબાજુ સાઠંબાકંપાની મહિલાઓ ઘરમાં અજવાળું પાથરવા ધુમાડાના સહારે જીવવા મજબુર બની છે.

## પાલનપુરમાં સગીરાનું લગ્નની લાલચ આપી અપહરણ કરાયાની ફરિયાદ

પાલનપુર, તા.૧૩

પાલનપુરના હનુમાન ટેકરી વિસ્તારમાં રહેતી એક સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કરવામાં આવ્યુ હોવાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, શહેરના હનુમાન ટેકરી સુખબાગ વિસ્તારમાં રહેતી એક સગીરાને ધાનેરાનો વિકી ઉર્ફે વિકો ધારસીંગ ઠાકોર લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. સગીરાના પરિવારજનોએ શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગતાં પશ્ચિમ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે બંનેને શોધખોળ હાથ ધરી છે.

## ધાનેરા રેલવે સ્ટેશન નજીક માલગાડીની અડફેટે અજાણી મહિલા ગંભીર

ધાનેરા રેલવે સ્ટેશન નજીક કોઈ અજાણી મહિલા માલગાડીની અડફેટે આવી જતા અરેરાટી મચી જવા પામી છે તો બીજી તરફ ગંભીર રીતે ઘવાયેલી મહિલા ને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

ધાનેરા રેલવે સ્ટેશન નજીક જોધપુર-થી ભીલડી તરફ જઈ રહેલી માલગાડી ની અડફેટે કોઈ અજાણી મહિલા આવી જતા મહિલા નો એક પગ કપાઈ જવા પામ્યો હતો અને માથાના ભાગે ગંભીર ઈજા થતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને લોકો ધ્વરા ધાનેરા ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ ના પાયલોટ રજનીકાંત રાવલ અને ઈએમટી ભરતભાઈ ચૌધરી તાત્કાલિક ઘટના સ્થળે આવી ગંભીર રીતે ઘવાયેલી મહિલાને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલ માં ખસેડી હતી જ્યાં ફરજ પરના તબીબ ડોક્ટર મિતેષ ડાભી ધ્વરા આ મહિલાને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. મહિલાની હાલત ગંભીર જણાતા વધુ સારવાર માટે આગળ રીફર કરી હતી.

## દઢવાવ ત્રણ રસ્તા નજીક બાઈકે ટક્કર મારતા એકનું મોત

વિજયનગર તાલુકાના દઢવાવ ત્રણ રસ્તા પરથી મંગળવારે પસાર થઈ રહેલા એક બાઈક ચાલકે ગફલતભરી રીતે બાઈક હંકારી રોડ પર જઈ રહેલા એક યુવાનને પાછળથી ટક્કર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. જેથી ઘાયલ થયેલા આ ઈજાગ્રસ્તનું મોત નિપજ્યુ હતુ. જે અંગેની ફરીયાદ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. દઢવાવના નરેશકુમાર રત્નાજી ડામોરે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ મંગળવારે ત્રણ રસ્તા પરથી પસાર થઈ રહેલા નંબર વગરની બાઈકના ચાલકે બાઈકને ગફલતભરી રીતે હંકારી અહીંથી રોડ પર ચાલીને જઈ રહેલા દિનેશભાઈ રત્નાજી ડામોર (ઉં.વ. ૩૮)ને પાછળથી ટક્કર મારતા તેઓ ગંભીર રીતે ઘવાયા હતા. દિનેશભાઈ ડામોરનું મોત નિપજ્યુ હતુ.

### માલપુર તાલુકાના સોનિક્પુર ગામમાં ખરાબાની

# જમીન તલાટીએ બારોબર ઠરાવ કરી ખાનગી વ્યક્તિને સોંપી હોવાનો આક્ષેપ

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના સોનીકપુર ગામમા ગ્રામ પંચાયતના સભ્યોને વિશ્વાસમાં લીધા વિના બારોબાર ખરાબાની જમીન ગામહિત માટે ફાળવણી ન કરી વ્યક્તિગત નામે કરવા ઠરાવ લોકો રોષે ભરાયા છે.

માલપુર તાલુકાના જેશીંગપુર ગૃપ ગ્રામ પંચાયતના સભ્યોએ તલાટી કમ મંત્રીને આપેલ આવેદનપત્ર મુજબ સોનીકપુર ગામમાં સર્વે નં ૧૩૬માં પ્લોટ નં ૩૧ અને ૩૨ની દક્ષીણ દિશાએ હતો કે તલાટીએ બારોબારીયું કરી પચાયતના સભ્યોની જાણ બહાર ખરાબાની જમીન ખાનગી નામે કરી દેવાનો પ્રયાસ કર્યો છે જેનો તેમનો વિરોધ છે. જોકે તલાટીએ તમામ આક્ષેપો નકાર્યા હતા અને જણાવ્યું હતું કે બધીજ કાર્યવાહી



થતા તલાટી સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ થવાની સાથે હોબાળા થતા ભારે ચકચાર મચી હતી. આધારભૂત સૂત્રોના જણાવાયા અનુસાર માલપુર તાલુકાના સોનિકપુરમાં ખરાબાની જમીન ગામહિત માટે આરિક્ષિત રાખવાના બદલે અને ગામહિત માટે ફાળવવાના બદલે તલાટીએ કેટલાક સ્થાપિત હિતો સાથે મેળાપણું કરી ઠરાવ કર્યો. પંચાયતના સભ્યોએ આક્ષેપ કર્યો હતો. ગ્રામપંચાયતના સભ્યના જણાવ્યા અનુસાર ભૂતકાળમાં આ જમીન પર કરેલ દબાણ ગામ લોકોના વીરોધના કારણે આંશિક દૂર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તાજેતરમાં ફરી પાછો આ જમીનની હારાજીનો ઠરાવ કરી કબ્જે કરવાનો પ્રયાસ થતા ગામ આવેલ ખાલી જગ્યાની મુંબઈના રહેવાસી પટેલ વૈભવકુમાર મગનભાઈ પટેલે માંગણી કરી હતી. જે અનુસંધાને ૧૯-૧-૨૦૧૯ ઠરાવ કરી આ જમીન બારોબાર ગ્રામપંચાયતના સભ્યોને વિશ્વાસમાં લીધા વિના ફાળવણી કરી દેવાતાં ગામ લોકો તેમજ પંચાયતના સભ્યોએ સખત વિરોધ કર્યો હતો. વિરોધ છતાં તલાટીએ બધુ કાયદેસર થયુ તેવુ રટણ ચાલુ રાખતા ગામ લોકો જેશીંગપુર ગ્રામ પંચાયતમાં એકઠા થયા હતા જ્યાં વિવાદ વકર્યો હતો અને મળતી માહિતી મુજબ ગત તા. ૮-૩-૨૦૧૯ ના રોજ ગ્રામ પંચાયતના સભ્યોએ ૧૦૦ નંબર ડાયલ કરી પોલીસ પણ બોલાવી હતી.

આ અંગે ગ્રામ પચાયતના સભ્ય સતિષભાઈએ આક્ષેપ કર્યો નિયમ મુજબ કરવામા આવી છે. જયારે બીજી બાજુ ગ્રામપચાયતના પ્રમુખે વિવાદિત જમીન અંગેનો કોઈ પણ ઠરાવ થયો હોય તેવું તેમની જાણમાં નથી તેવું જણાવ્યું હતું. સમગ્ર મામલાએ તુલ પકડતાં મળતી માહિતી મુજબ તાલટીએ ઠરાવ રદ કર્યા છે જોકે જો વિરોધ ના થાય અને કુલળીમાં ગોળ ભાગવામાં આવે તો આવી રીતે કેટલી જમીનો બરોબાર વ્યક્તિગત નામે થઈ જતી હશે તે મોટો પ્રશ્ન છે. સૌથી વધુ મહત્વની વાત એ છે કે આટલો બધો હંગામો થયો હોવા છતાં જિલ્લા વિકાસ અધિકારી આ વાતથી અજાણ છે. આ અંગે તેમનો સંપર્ક કરતા તેમણે જણાવ્યુ હતું કે આ પ્રશ્ન અંગે તેમને કોઈ જ માહિતી નથી.

## પાટણ જિલ્લામાં આચારસંહિતાનો ચુસ્ત અમલ

પાટણ, તા. ૧૩

પાટણ જિલ્લામાં ૦૩-પાટણ લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ સંદર્ભે જિલ્લા ચુંટણી અધિકારી આનંદ પટેલની રાહબર હેઠળ પાટણ જિલ્લામાં આચારસંહિતાનો ચુસ્ત અમલ કરવામાં આવી રહયો છે. તે અંતર્ગત આજે પાટણ જિલ્લામાંથી ભીંત લખાણ જાહેર મિલ્કતના-૩૫૧ અને ખાનગી મિલ્કતના-૭, પોસ્ટરના જાહેર મિલ્કતના ૧૬૩ અને ખાનગી મિલ્કતના-૦૨, બેનરના જાહેર મિલ્કતના-૧૭૭ અને ખાનગી મિલ્કતના-૦૩ અને અન્યના જાહેર મિલ્કતના-૬૦૫ ખાનગી મિલ્કત-૦૧ એમ કુલ જાહેર મિલ્કત-૧૨૯૬ અને ખાનગી મિલ્કતના ૧૩ સામગ્રીઓ દુર કરવામાં આવી હતી.

પ્રિન્ટીંગ પ્રેસના માલિકો સાથે બેઠક કરી પ્રિન્ટીંગ પ્રેસમાં રાજકીય પક્ષો દ્વારા છપાવવામાં આવતા સાહિત્યના પ્રકાશન બાબતે અને ચૂંટણી પંચના નિયમો અવગત કરવામાં આવ્યા અને પ્રચાર સાહિત્ય છાપતાં પહેલાં કરવાની કાર્યવાહી અને ચૂંટણી અધિકારીને આપવાની માહિતી વિશે જાણકારી આપવામાં આવી હતી.

રાજકીય પક્ષો સાથે બેઠક કરી આદર્શ આચારસંહિતાના અમલીકરણ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી અને ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે ઉમેદવારે અલગથી જુદા જ હિસાબો નિભાવવાના રહેશે અને અલગ બેંક ખાતું ખોલાવવાનું રહેશે.

# અરવલ્લી જિલ્લામાં PUBG game તથા MOMO ચેલેન્જ ગેમ પર પ્રતિબંધ

મોડાસા, તા. ૧૩

ગુજરાતના મોટાભાગના શહેરો તેમજ નગરો બાદ હવે અરવલ્લી જિલ્લામાં પણ પબ્જી ગેમ અને મોમો ચેલેન્જ ઓનલાઈન ગેમ રમવા પર કાર્યવાહી કરવામાં આવશે. અરવલ્લી જિલ્લાના વિસ્તારમાં જાહેર સલામતી અને સુરક્ષાને લક્ષમાં રાખીને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે હેતુથી કલેકટર દ્વારા પબ્જી ગેમ પર જાહેરનામાં બહાર પાડેલા છે તેનો અમલ કરવામાં આવતો નથી. પાણીના પાઉચ, ગુટખા, મોબાઈલ પર રમાતો ક્રિકેટની મેચ પર સટ્ટો અને સૌથી વધુ દારૂ અને જુગાર પર તો પ્રતિબંધ છે જ તો પણ ડીટેકટ




પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે જીલ્લા કલેક્ટર એમ.નાગરાજને બાળકોમાં અને કેટલાક અંશે પુખ્તવયના લોકોમાં પણૅમ્પ્ક્ષ્દ્દ્ધી તથા ર્સ્ર્ ષ્ઠરદ્દ્ઞ્ઞીહશ્નીના હિંસક પ્રવૃતિનું પ્રમાણ વધતું હોવાથી અને બાળકો અને યુવાનો સતત બંને ઓનલાઈન ગેમમાં રચ્યા પચ્યા રહેતા હોવાથી ગેમ પર પ્રતિબંધ લાદવા માટે અરવલ્લી જિલ્લા કલેક્ટર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામાં મુજબ જિલ્લામાં કલમ ૧૪૪ લાગુ કરવાની સાથે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૭(૩) લાગુ કરીને જે લોકો જાહેરમાં પબ્જી ગેમ રમશે તેના પર કાયદેસરની પ્રતિબંધ ફરમાવામાં આવ્યો છે.

અરવલ્લી જિલ્લાના કલેક્ટર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાં અનુસાર પબ્જી ગેમ અથવા તો મોમો ચેલેન્જ જેવી પ્રવૃતિમાં ભાગ લેનાર અથવા તો આ પ્રકારની પ્રવૃતિ કરનાર સામે પોલીસ સ્ટેશનમાં મોખિક કે લેખિત જાણ કરવાની ફરજ કરવામાં આવી છે. આ હુકમનો ભંગ કરનારની સામે પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૩) મુજબ ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના ને કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર છે. જાહેરનામું તો બહાર પાડ્યુ પરંતુ તેનો અમલ કેવી રીતે થશે તેની કોઈજ માહિતી નથી. કેટલાય થતા નથી અને આ ગેમ રમાવા પર પ્રતિબંધથી કોઈ ફરક પડે છે કે કેમ તે આવનાર દિવસોમાં ખબર પડશ. એટલે પ્રતિબંધીત વસ્તુ કરવાની કેટલાક લોકોને મજા આવે છે . હવે જે લોકો નથી જણાતા કે રમત શુ છે કેવી રેતી રમાય છે તે બધાને જાણવાની ઉતસુક્તા વધશે. કેટલાક અનુભવી અને બુદ્વિજીવી લોકોના મત મુજબ પ્રતિબંધથી આ ગેમની વધારે પ્બલીશીટી મળશે. કોઈ વ્યક્તિ કે બાળક કોઈ ખુણામાં બેસી આ ગેમ રમતો હશે તો તેને ડીટેક્ટ કરવા માટે કોઈ સોફટવેર કે કોઈ મશીનરી વિકસાવી નથી ત્યારે પ્રતિબંધથી ગેમ પ્બલીશીટી મળશે તેવુ હાલતો લાગી રહ્યુ છે.

# બાયડના ડેમાઈ ગામે પાણી ભરવા બાબતે બે જુથો વચ્ચે મારામારી

બાયડ, તા. ૧૩

ગુજરાતમાં અસ્પૃશ્યતા, સામાજીક સમરસતાની વાતો કરવામાં ભાજપ સરકારે કઈ બાકી રાખ્યું નથી. સરકાર દલિતોના ઉદ્ધારના વચનો અને જાહેરાતો મોટા ઉપાડે કરી રાજ્ય સરકાર જશ ખાટી રહી છે. વાસ્તવમાં દલિતોની સ્થિતિ દયનિય છે રાજ્યના કેટલાય ગામડાઓમાં કુવામાંથી દલિતોને પાણી ભરવા દેવામાં આવતું નથી. અનાજ સુદ્ધાં દળી આપવાનું અને વાળ પણ કપાવવા ભટકવું પડતું હોવાની અનેક ઘટનાઓ બહાર આવી રહી છે.

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના ડેમાઈ ગામે ગ્રામ પંચાયતના જાહેર આર.ઓ. પ્લાન્ટમાંથી પાણી ભરવા પહોંચેલા દલિત યુવાનને અટકાવી તેની અદાવત રાખી ગેરકાયદેસર મંડળી રચી યુવકના પરિવાર પર ઘાતક હુમલો કરતા ૪ લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા જૂથ અથડામણને પગલે પોલીસે દોડી આવી સ્થિતિ પર કાબુ મેળવ્યો હતો. પટેલ પરિવારના જૂથે મહિલાની છેડતી અને લૂંટની ફરિયાદ બાયડ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. ડેમાઈ ગામના અગ્રણીઓએ ગામમાં શાંતિ જાળવવા બંને પક્ષોને સમજાવવા પ્રયત્નો હાથ



ધર્યા હતા. ડેમાઈ ગામે અને બાયડ પોલીસ સ્ટેશનમાં અનુ.જાતિ સમાજના ટોળેટોળા ઉમટ્યા હતા.

બાયડના ડેમાઈ ગામે રમેશભાઈ નરસિંહભાઈ મહેશ્વરીનો પુત્ર પ્રશાંત મંગળવારે ગ્રામ પંચાયતના જાહેર આર.ઓ. પ્લાન્ટમાં પાણી ભરવા જતા પાણી ભરતો અટકાવી ઝગડો કરી એટલેથી ન અટકતા ઝગડાની અદાવત રાખી યક્ષ વિપુલભાઈ પટેલ, મનીષ દેવાભાઈ પટેલ, હર્ષ ઉર્ફે હકો ગિરીશભાઈ પટેલ, મિતેષ ગીરીશભાઈ પટેલ, માનુષ ગીરીશભાઈ પટેલ, દેવાભાઈ પટેલ, કાંતિભાઈ બેચરભાઈનો પૌત્ર, જીગ્નેશ અમૃતભાઈ પટેલે હાથમાં ઘાતક હથિયારો સાથે ધસી આવી પ્રશાંતભાઈ પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી દેવાભાઈ પટેલે લક્ષ્મીબેનના પીઠના ભાગે ઘા ઝીંકી હર્ષ ઉર્ફે હકો પટેલે પ્રદ્યુમનભાઈ પટેલને ગડદાપાટુનો માર મારતા ઈજાગ્રસ્તોને તાબડતોડ સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. પટેલ સમાજના જૂથે હલ્લાબોલ કરી દેકારો મચાવી જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી અપાતા ભારે ચકચાર મચી હતી. હાલ ડેમાઈ ગામમાં અજંપાભરી સ્થિતિ પ્રવર્તી રહી છે બાયડ પોલીસે રમેશભાઈ નરસિંહભાઈ મહેશ્વરીની ફરિયાદના આધારે દલિત પરિવાર પર હુમલો કરનાર ૮ શખ્સો સામે આઈપીસી કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જીપીએકટ કલમ-૧૩૫ તથા એટ્રોસિટી એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મહેસાણા ખાતે લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯ અંતર્ગત પ્રિન્ટીંગ વ્યવસાયકારો સાથે બેઠક યોજાઈ

મહેસાણા, તા. ૧૩

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૦ને અનુલક્ષીને કલેકટર અને જિલ્લા ચુંટણી અધિકારી એચ.કે. પટેલે જિલ્લાના મુદ્રણ વ્યવસાય સાથે સંકળાયેલા મુદ્રકો/માલિકો સાથે બેઠક કરી હતી. જેમાં પ્રિન્ટર્સ, ઓફસેટ મુદ્રક અને પ્રકાશક વિગેરેના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૨૭(ક)ની જોગવાઈ વિશે જણાવાયું હતું. જેમાં કોઈ પણ વ્યક્તિ જેના પર તેના મુદ્રક અને પ્રકાશનના નામ અને સરનામા ન હોય તેવા ચૂંટણીને લગતા ચોપાનીયા છાપી પ્રસિધ્ધ કરી શકશે નહી અથવા છપાવી પ્રસિધ્ધ કરાવી શકશે નહિ.

પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપ્યા સિવાય કોઈપણ વ્યક્તિ ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો કે અન્ય સામ્રગી છાપી શકશે નહિ કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહિ, ચૂંટણી સબંધી કોઈપણ ચોપાનીયાં અથવા ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું મુદ્રણ હાથ ધરતાં પહેલાં જોગવાઈ મુજબ મુદ્રકે નિવાર્ચીન આયોગ દ્વારા નક્કી થયેલા જોડાણ ક મુજબના ઠરેલ નમુનામાં પ્રકાશક પાસેથી એકરારપત્ર બે નકલમાં મેળવવાના રહેશે. આ એકરારપત્ર ઉપર પ્રકાશકની તેમજ પ્રકાશકને અંગત રીતે ઓળખતી હોય તેવી વ્યક્તિઓની શાખ તરીકે સહિઓ કરવાની રહેશે. ચોપાનીયા અથવા ભીંતપત્રો અલગ અલગ રીતે માંગેલ નકલમાં શાખાને મોકલી આપવાની રહેશે.